Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Humanity
ISSN: 2279-0233
Continuous issue-24 | April – May 2016

# 'જનનીનાં હૈયામાં....'ઝાંખી

સતત પરિવર્તનશીલ આ જગતમાં કશું કાયમી નથી ત્યારે પણ મા ના સ્નેહને કાયમી અને અનરાધાર માનવામાં આવ્યો છે. સમર્પિતા, ત્યાગ–સેવાની અને મમતાની મૂરતતે મા. 'મા સારી જ હોય' એ જાણે બાબા વાક્ય છે. આ બાબા વાક્યને ક્યાંક સમર્થિત કરતી ક્યાંક પડકારતી એવી ટૂંકી વાર્તાનો સંગ્રહ એટલે આશા વીરેન્દ્રનો પંદર ટૂંકી વાર્તાઓનો સંગ્રહ 'જનનીનાં હૈયામાં' (પ્ર. આ.સાલ-૨૦૧૪, યજ્ઞપ્રકાશન). જે 'ભૂમિપુત્ર' પાક્ષિકમાં પ્રગટ થયેલી વાર્તાઓમાંથી માત્ર માતાને કેંન્દ્રમાં રાખીને લખાયેલી વાર્તાઓનો સંગ્રહ છે. આ વાર્તાઓનું કથાબીજ મરાઠી, હિન્દી, હંગેરીયન, અંગ્રેજી, મૈથિલી જેવી જુદી જુદી ભાષામાં લખાયેલી વાર્તાઓમાંથી લેવામાં આવ્યું છે.

આ વાર્તાઓ જનનીના હૈયાની ઝાંખી કરાવે છે. દરેક વાર્તામાંથી માના નવા નવા સ્વરુપના દર્શન થાય છે. 'માનો સ્કેચ' વાર્તાની સીમાનો બાપ પોતાને ત્યાં ચોથી પણ દીકરી જ જન્મે છે ત્યારે ઘર છોડીને ભાગી જાય છે. મા નહીં. ખાલી ઘરમાં પણ મા પોતાની ચારેય દીકરીઓનું જતન પોતાની જાત નીચોવીને પણ કરે છે ખરી. આપસૂઝથી જ સુંદર ચિત્રો દોરતી દીકરીની સામે બેસીને પોતાનો સ્કેચ બનાવડાવવાનો એની પાસે સમય નથી. પોતાને ગંભીર બિમારી લાગુ પડ્યા પછી પણ એ જાત સાચવવાને બદલે પોતાના મૃત્યુ પહેલા પોતાની મોટી દીકરીને એટલી પગભર કરવા માંગે છે કે પોતાના મૃત્યુ પછી એ નાની બહેનોને ઉછેરી શકે.

'પવિત્ર લોહી' વાર્તાની મા કારમી ગરીબીમાં પણ ખડખડાટ હસીને અંતરના આંસુ અંતરમાં દબાવી દઈ પોતાના બાળારાજાનું માત્ર હાસ્ય વડે જ મનોરંજન કરતી રહે છે. એ મા જ્યારે પોતાને ત્યાં માગવા આવેલા ભિખારી પાસેથી પોતે માગવાનો વારો આવે છે ત્યારે પણ હસવાનું નાટક કરતી રહે છે અને એ નાટક કરવા જતાં એનો શ્વાસ રુંધાઈ જાય છે.

'મોટું કોણ'ની દમુને પેટની વણસંતોષાતી આગનો રોજનો અનુભવ છે. પોતાના ત્રણ ત્રણ સંતાનોને ગુમાવી ચૂકેલી દમુ પાસે પોતાના એક માત્ર બચેલા દીકરાનું પેટ ભરવા માટે પોતે ચૂલે ચડી જવું પડે તેવી ઘરની હાલત છે. ત્યારે મિત્રના કહેવાથી કાળી ચૌદશે સ્મશાનમાં જઈ અમીર લોકોએ ભૂતને ધરાવેલા ખીર અને વડાથી પોતાની કડકડતી ભૂખ સંતોષી આવેલા પણ, પછી 'પોતાને ભૂત કંઈ કરશે તો?' એમ વિચારી ડરતા બાળ મોહનને પોતાના ફાટેલા સાડલાના પાલવ નીચે છૂપાવી લે છે. જાણે ભૂતથી એનું રક્ષણ ન કરતી હોય! પોતાના પતિને પણ એ કહે છે 'ભૂખ તો ભૂત કરતાં હો મોટી. ભૂત ખાઈ જાય એ પેલાં તો એને ભૂખ ખાઈ જતે. હારું થયું , ખીર–પૂરી ખઈને આઈવો તે.'[1] બાળકની ભાંગેલી ભૂખ સામે એ કોઈ પણ ધાર્મિક અંધશ્રધ્ધામાં પડવા માગતી નથી. નથી તો બાળકના મનમાં એવો ડર પેસવા દેતી.

'આસ્થાની મા' વાર્તાની મા અંજુ શરુઆતમાં યુવાન થતી જતી દીકરી માટે ઘણી ચિંતા સેવે છે. પણ, પછી પોતાની દીકરીને ડરીને કે સંકોચાઈને જીવાડવાને બદલે હિંમતથી સંજોગોનો સામનો કરતા શીખવવા કટીબધ્ધ બને છે. 'હાથ છૂટ્યાની વેળા' અને 'જનેતાનું મૃત્યુ ' જેવી વાર્તા વાંચતા લાગે છે કે સાંસારિક સંબંધોના બંધનને છોડી દીક્ષા ગ્રહણ કરી લીધા પછી પણ મા પોતાની દીકરીની ફિકર છોડી શકતી નથી. નથી તો પૂત્રના અકાળ અવસાન પછી પણ મા એને ભૂલી શકતી. મૃત પૂત્ર પણ માના મનમાં તો હંમેશા જીવતોજ રહે છે.

'ગેંગરિન'ની શુભી-વિશાખા અને સુધાકરની એક માત્ર પૂત્રી શુભી મોટી થઈ જ્યારે સાવ મૂફલીસ છોકરાને પરણી જઈ મા બાપ પાસે પોતાનો હક્ક માગવા આવે છે ત્યારે વિશાખા પતિના કહેવાથી એને ઘરમાંથી ભગાડી તો મૂકે છે. પણ પોતાના એક અંગને 'ગેંગરિન' થયું છે એમ માની એની સાથેનો સંબંધ કાપી નાખવા મન મનાવતી છતાં રડ્યા કરે છે. ભણેલી ગણેલી , નોકરી કરતી વિશાખા જેવી મા પણ શુભી જેવા સંતાન જ્યારે લાડ પ્યારનો ગેરલાભ ઉઠાવી અવળે રસ્તે ચડી જાય ત્યારે પણ એની સામે આંખ લાલ કરતા અચકાય છે.

સંતાનની ઢાલ બની ઉભી રહેતી મા ક્યારેક પોતાના સંતાનોને યોગ્ય રીતે કેળવી શકતી નથી. પાછળથી સંતાનની અણઆવડતનો ભોગ માને પણ બનવું પડે છે. 'ઢાલ' વાર્તા એના ઉદાહરણ તરીકે લઈ શકાય.'સંબંધ'ની વાસંતી પોતાના શેઠ સાથેના અકસ્માતે બંધાયેલા સંબંધથી માતૃત્વ ધારણ કરે છે. પોતાનો ઘર સંસાર લઈને બેઠેલા શેઠ કામવાળીને ખોળે પોતાના બાળકને જન્મતુ અટકાવવા માટે મદદ કરવા તત્પર હતા. છતાં વાસંતી પોતે એકલ પંડે , બાળકના બંધનમાં બંધાવાનું વધારે પસંદ કરે છે. એટલુંજ નહીં બાળકને લઈ શેઠને બદનામ કરવાને બદલે કે, એમની આર્થિક મદદ લેવાને બદલે એ પોતે એકલે હાથે મજૂરી કરી સ્વમાનભેર બાળકીને મોટી કરવાની હામ ભીડે છે.

'શરત મંજૂર' વાર્તામાં ટૂંકી આવકમાં ઘર ચલાવી, લોન લઈ લઈને ભણાવેલ પૂત્ર સંકેત મોટો પગાર પાડતો થાય છે. પણ, પરણી ગયા પછી પોતે મોટા ઘરમાં અલગ રહેવા જાય છે. પત્નીની સલાહ અનુસાર પોતાના માતા પિતાને નાના મોટા કામ કરી ઘર ચલાવવનું સૂચન કરે છે, ત્યારે પિતા રમેશભાઈને એની વાત સાંભળી દુ:ખ થાય છે. પણ, મા તો પૂત્રની વાત પર દુઃખ લગાડવાને બદલે પોતાની આવડતથી થોડા જ સમયમાં દેવુ ચુકતે પણ કરી દે છે. નોકરી કરતા પૂત્ર અને પૂત્રવધૂ પોતે જ્યારે મા બાપ બનવા જઈ રહ્યા છે ત્યારે એમને પોતાના બાળકના ઉછેર માટે પાછા મા બાપ યાદ આવે છે. ત્યારે પણ દીકરા વહૂને ભૂતકાળ યાદ કરાવી મહેણાં મારવાને બદલે પોતે એની સામે શરત મૂકે છે કે પોતે તેને ત્યાં જઈ પારણાંઘર ચલાવશે. આમ, પોતે જાત કમાણી કરતા કરતા જ બાળકને મોટું કરવાની જવાબદારી નિભાવવા તૈયાર થાય છે. જેથી ફરી દીકરાને માથે પડ્યા હોય એમ ન લાગે.
મા પોતાના બાળક માટે જે ભોગ આપે છે તે નિઃસ્વાર્થ ભાવે પોતાની ફરજ સમજીને આપે છે. પંખીને ક્યાં પોતાના બચ્ચા પાસેથી કોઈ આશા હોય છે? છતાં એ એને ઉછેરે છે જ છે ને! છતાં કેટલીકવાર સંતાનો માતાની મમતાને માન આપવા 'મધર્સ ડે 'ઉજવે છે. પણ, એની ઉજવણીમાં પણ અન્ય સાથેના સંબંધ સાચવવા–વધારવાની પેરવીમાં જેને માટે આ દિવસ ઉજવાઈ રહ્યો હોય એ મા પોતે ક્યાંય ખૂણામાં ધકેલાઈ જાય છે. 'હેપ્પી મધર્સ ડે'ને એના ઉદાહરણ તરીકે લઈ શકાય.

આ સંગ્રહની બે ટૂંકી વાર્તા 'નવજીવનની વાટે' અને 'સ્વર્ગાદ્દ અપિ ગરિયસી'માં મા અને સંતાનો વચ્ચેના સંબંધ ના બંધન કંઈક વિશેષ રીતે ઉકલતા લાગે છે.એની વિગતે વાત કરું તો -

'નવજીવનની વાટે' નું કથાબીજ સુમતિ ભીડેની મરાઠી વાર્તામાંથી લેવામાં આવ્યું છે. આ વાર્તામાં રોહિણીની મા પોતાના પતિ અને સાસુના અવસાન પછી મોટી પુત્રી રોહિણીના ટેકે વૈધવ્ય કાઢતી પોતાના નાના બે સંતાનોને મોટા કરે છે. રોહિણી ભણીને બેંકમાં નોકરી મેળવે છે. રોહિણીને ગમતા પાત્ર માટે સામેથી માગુ આવવા છતાં મા એને પરણાવતી નથી. અને કહે છે 'ના, ના , હમણાં રોહિણીના લગ્નની કોઈ વાત નહીં. એ પરણીને સાસરે જતી રહેશે તો મારા શિરીષ અને ચંદાને કોણ જોશે?'[૨] રોહિણી પોતાના પગારમાંથી નાના ભાઈ બહેનને પરણાવી દે છે.' પછીતો નાના ભાઈનો પરિવાર વધી જાય છે. રોહિણી હાંસિયામાં જતી જાય છે.એને પરણાવવાની વાતતો જાણે ભૂલાઈ જ જાય છે!. ઉલટાની ઘરમાં સંકડાશ પડવાની વાત વહુએ જ્યારે કાઢી ત્યારે રોહિણી મા એને કહે છે 'તું ચિંતા ન કર.રોહિણી બધી સગવડ કરશે. એનો પગાર પણ બહુ સારો છે ને એને બેંકમાંથી લોન પણ મળશે. આમ પણ આટલા બધા પૈસાનું એ એકલી શું કરવાની છે?'![૩] રોહિણી માની સ્વાર્થી વૃત્તિ થોડી મોડી પણ ઓળખી જરુર લે છે. એ પોતાનો એક અલગ ફલેટ લઈ ત્યાં એકલી રહેવા જતી રહે છે. એ મા થી અલગ પોતાની કેડી કંડારી લે છે.

'સ્વર્ગાદ્દ અપિ ગરિયસી'નું કથા બીજ અમિતા શ્રીવાસ્તવની હિન્દી વાર્તામાંથી લેવામાં આવ્યું છે. બેલા માનસિક રીતે વિકલાંગ પુત્ર અને જન્મથી મૂક બધીર દીકરી જેને અસ્વીકાર્ય છે એવા પતિને અન્ય સાથે લગ્ન કરવા માટે છૂટાછેડા આપી દઈ પોતે બન્ને બાળકો સાથે અલગ થઈ એકલે હાથે નિયતિ સામે બાથ ભીડે છે. દીકરાને ભણાવી ગણાવી આગળ લાવે છે. મૂક બધીર દીકરી અને એના જેવા અન્ય બાળકો માટે ઘર આંગણે શાળા શરુ કરે છે. ધીમે ધીમે એની શાળાની ગણના મૂક-બધિરો માટેની ઉત્તમ શાળાઓમાં થવા માંડે છે. જીવન માંડ થાળે પડ્યું છે ત્યારે પોતાના અન્ય સ્ત્રીથી થયેલા અને નપાવટ પાકેલા દીકરાના હાથમાં પોતાનો જામેલો ધંધો સલામત ન લાગતા એનો પતિ હર્ષદ પોતાના પહેલા પૂત્ર પ્રશાંતને પોતાની પાસે બોલાવી લેવાની ઈચ્છા વ્યક્ત કરતો પત્ર પ્રશાંત પર લખે છે. ત્યારે પ્રશાંત પોતે પિતા પાસે જવું કે કેમ, એ અંગે માની સલાહ માગતા કહે છે 'આપણી પાસે આ ઘર અને તારી સ્કૂલ સિવાય કશું નથી જ્યારે પપ્પા પાસે તો વર્ષોથી જામેલો બીઝનેશ છે. શું કરુ સમજાતું નથી.'![૪] અનેક સંઘર્ષો વેઠીને મોટા કરેલ પૂત્રને મૂખે પૂછાયેલ આ પ્રશ્નથી એ જરાય ઉશ્કેરાઈ જતી નથી. પ્રશાંતને એ યાદ નથી દેવડાવતી કે આ એજ પિતા છે જેણે, બાળપણમાં એને માનસિક રીતે વિકલાંગ હોઈ પૂત્ર તરીકે અવહેલીત કર્યો હતો. આજે આટલા વર્ષો પછી એકાએક પિતાનો ભાવભીનો પત્ર આવતા પિતાની મિલકતથી લલચાઈને પોતાને પ્રશાંત એ અંગે પૂછે એમ લાગવા છતાં એ તો એટલું જ કહે છે 'હવે તો મારો દીકરો પોતાની જિંદગીના નિર્ણય ખુદ લઈ શકે એવો શાણો અને સમજુ થઈ ગયો છે. તારે જ નક્કી કરવાનું કે તારે શું કરવું છે?[૫] દીકરો પિતા પાસે જવાનો નિર્ણય કરે છે ત્યારે પણ પોતે એને મોટો કર્યો એની દુહાઈ આપી એને રોકતી નથી. પોતે એને મોટો કરવા વેઠેલા સંઘર્ષની યાદી પણ નથી આપતી.નથી તો મૂક– બધિર બહેનની જવાબદારી યાદ કરાવતી. પોતાના પૂત્રને પોતાના તરફથી નચિંત કરી એને એના પિતા પાસે મોકલવા તૈયાર થઈ જાય છે! અને પૂત્ર પ્રશાંત માતાના આશીર્વાદ લઈને પિતાની ગાડીમાં જાય પણ છે. સ્વાર્થી બાપ પાસે જઈ એના અહમના ચૂરેચૂરા કરી નાંખી મા પાસે પાછો આવી જઈ એ માને કહે છે 'હું પિતાને કહીને આવ્યો કે તમારાં રત્નજડિત સિંહાસન કરતાં મારી માની કાંટાળી ખુરશીની કીમત મારે મન અનેકગણી છે. મારી મમ્મી અને વ્હાલસોઈ બહેનને છોડીને હું સ્વર્ગમાં જવાનુંયે પસંદ ન કરું'.[૬]

'નવજીવનની વાટે' અને 'સ્વર્ગાદ્દ અપિ ગરિયસી' માં માતા તરીકે સ્ત્રીના બે છેડાના રુપ સામે આવે છે. 'નવજીવનની વાટે'ની રોહિણીની મા પોતાના વૈધવ્યની લાકડી બનેલી લાડલીને માત્ર આવકનું એક સાધન માત્ર માનીને રહી જાય

છે. મીઠા ઝાડના મૂળીયા માત્ર પારકા જ ખાય એ જરુરી નથી. સગી મા પણ ખાય! જ્યારે 'સ્વર્ગાદ અપિ ગરિયસી'ની વંદના માનસિક રીતે પછાત એવા પૂત્ર અને મૂક બધિર પૂત્રીને એકલે હાથે ઉછેર્યા પછી વયસ્ક બનેલા સંતાન માટે એમના જીવનના દ્વાર એ જાતે ખોલી આપી મૂઠી ઉંચેરી મા સાચા અર્થમાં પૂરવાર થાય છે.

બધી જ વાર્તાઓ માં જનનીનાં હૈયામાં સંતાનો પ્રત્યેના પ્રતિબિંબિત થતા જુદા જુદા ભાવ એના સંતાનો પ્રત્યેના વ્યવહાર ઉપરથી કળી શકાય છે. તો જેણે જન્મ આપ્યો છે એ મા સંતાનોના હૈયામાં કેવી રીતે અને કેવું સ્થાન ધરાવે છે એ પણ સ્પષ્ટ થાય છે. 'તર્પણ 'વાર્તાનો નાયક મા ના મૃત્યુ બાદ એની ઈચ્છા પ્રમાણે પોતાનો ભાગ પણ પોતાનાથી મોટા ભાઈને આપી દે છે. તો સંતાનો તરીકે રોહિણી અને પ્રશાંતે પણ પોતપોતાની માતાને ત્રાજવાના પલ્લામાં બેસાડીને જાણે તોળી છે. પોતાના નવા ફ્લેટ પર રહેવા જતી રોહિણી પોતાને જાણે નવા જીવનની વાટે જઈ રહી હોય એવો અનુભવ કરે છે. તો પ્રશાંત પિતાની મિલકત કરતાં માના સ્નેહમાં સ્વર્ગના દર્શન કરે છે.

આજના યુગના વયસ્ક સંતાનો આંધળી માતૃભક્તિનાં આંજણ આંજી જીવી જનારા નથી. માની મમતાને પણ માપી લે છે. એ માતાના હૈયામાંથી નીતરતા નિઃસ્વાર્થ નેહના કાચા તાંતણે બંધાયેલા રહી શકે છે., પણ જ્યારે આ સ્નેહના સંબંધમાં સ્વાર્થનો તાંતણો પણ વણાવા માંડે છે ત્યારે એ બંધન બની ગયેલા સંબંધને તોડી નાંખતા પણ અચકાતા નથી. સમય અને સંજોગો અનુસાર મંડાતા અને પલટાતા રહેતા મા અને સંતાનોના સ્નેહના સમિકરણો આ ટૂંકી વાર્તાઓમાં બરાબર ઝીલાયા છે.

સંદર્ભ:

૧ - પૃ -૧૭ ' જનનીના હૈયામાં' બીજું પુનર્મુદ્રણ ઑકટોબર ૨૦૧૫ – લેખિકા- આશા વીરેન્દ્ર

૨ – પૃ -૭

3 –પૃ- ૭ એજન

૪- પૃ-૧૧ એજન

૫ –પૃ – ૧૧ એજન

૬ –પૃ – ૧૧ એજન

*****************************************************************

ડૉ. અર્ચના જી.પંડ્યા
ગુજરાતી વિભાગ
એસ.એલ.યુ આર્ટસ એન્ડ એચ એન્ડ પી ઠાકોર કૉમર્સ કૉલેજ ફોર વિમેન
અમદાવાદ

Copyright © 2012- 2016 KCG. All Rights Reserved. | Powered By : Knowledge Consortium of Gujarat